લાડુઆ શ્રીમાળી વાણીઆ
જ્ઞાતિની પ્રાચીનતા

બતાવનાર

લેખસંગ્રહ

સંગ્રહ કરનાર

મણિલાલ બકોરભાઈ વ્યાસ

પ્રકાશક—

ચીમનલાલ ખુશાલચંદ મોદી

હરિપુરા—સુરત.

માર્ગશિર્ષ પૂર્ણિમા સંવત ૧૯૭૬

પ્રત ૧૦૦૦

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એન્જીન પ્રી. પ્રેસ,
ચ કે. કણપીઠ બજાર સુરતમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું

પ્રકાશકના બે બોલ.

આ સંગ્રહ તૈયાર કરવામાં રા. રા. મણિભાઇ બકોરભાઇ વ્યાસે અમને જે તન મન તથા ખંતથી મદદ કરી છે તેમજ અમારી ન્યાત પ્રત્યે સંપૂર્ણ મમતા દર્શાવી જે ઉત્તમ સેવા બજાવી છે, અને બજાવતા રહ્યા છે તે માટે અમે તેઓ શ્રીનો અત્રે ખરા અંતઃકરણ પુર્વક આભાર પ્રદર્શિત કરીએ છીએ.

લી૦ સેવક,


ચીમનલાલ ખુશાલચંદ મોદી.

સ્વદેશી ઔષધો.

શાસ્ત્રીય વૈદ્યક ગ્રંથો, જતીઓની નોંધો, જુના વૈદ્યો અને હકીમોની પોથીઓ એનું બહોળું શોધન કરીને તારવી કાઢેલાં ઉત્તમોત્તમ દેશી ઔષધો. ડાકટરોના મોહમાં પડેલા લોકોએ દેશી વનસ્પતિના ચમત્કારિકગુણો જોવા હોય તો કોઇપણ રોગને માટે એકવાર અનુભવ કરી જુઓ.

મણિલાલ બકોરભાઈ વ્યાસ

હરીપુરા-સુરત,



સં. ૧૫૭૮ માં રચાયેલા " વિમલ ચરિત્રમાં " વર્ણવેલી વાણીઆ જ્ઞાતિઓની ઉત્પત્તિ.

લાડુઆ શ્રીમાળી જ્ઞાતિની પ્રાચીનતા બતાવનારા પ્રાચીન લેખોનો સંગ્રહ.

" लाटदेशे गता ये तु श्रीमाला लाडूआ इति " (લાડદેશમાં જઈ વસ્યા તે શ્રીમાળીઓ " લાડૂઆ શ્રીમાળી " એ નામે ઓળખાતા થયા.) આવું "વિમલચરિત્ર" નામના સંવત્ ૧૫૭૮માં રચાયેલા ગ્રંથમાં લખ્યું છે. આ ગ્રંથ અમદાવાદમાં ડેલાના ઉપાશ્રયના ભંડારમાં છે. જૈન કોન્ફરન્સ તરફથી પ્રકટ થયેલા જૈન ગ્રંથોના લીષ્ટમાં આ ગ્રંથ નોંધાયેલો છે અને જે પાનાંમાં લાડુઆ શ્રીમાળી જ્ઞાતિની તેમજ બીજી જ્ઞાતિઓની ઐતિહાસિક હકીકત લખેલી છે તે પાનાનો મેં ફોટોગ્રાફ પાડી લીધો છે. એ ફોટોગ્રાફ પ્રમાણે બીબું કરાવીને તે બીબું મારા તરફથી પ્રકટ થનારા " શ્રીમાળી વાણિયા જ્ઞાતિનો વિસ્તાર " એ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. લાડવા નામ પામેલા શ્રીમાળીઓ લાડદેશમાં ક્યારે ગયા, લાડવા નામ ક્યા નિયમને અનુસરીને પડ્યું, લાડદેશમાં વસેલી બીજી કોઈ જ્ઞાતિના નામ સાથે લાડવા શબ્દ જોડાયેલો છે કે કેમ આ વગેરે સવિસ્તર હકીકત મારા તરફથી પ્રકટ થનારા ઉપર જણાવેલા પુસ્તકમાં પ્રકટ થશે. અહીં માત્ર એટલુંજ બતાવવાનું છે કે લાડવા શ્રીમાળી જ્ઞાતિની પ્રાચીનતા બતાવનારા સ્પષ્ટ લેખ ક્યાં સુધીના મળી આવે છે.

આ સંગ્રહમાં સંવત્ ૧૪૦૦ પછીથી સં. ૧૭૦૦ સુધીના લેખ લીધા છે. એ પ્રાચીન લેખો આવી ગયા પછી સંવત્ ૧૭૦૦ પછીના લેખો લેવા જરૂરના નથી એમ જાણીને એ લેખ લીધા નથા. સુરત, રાંદેર, ભરૂચ, આમોદ, અંકલેશ્વર એ વગેરે ઠેકાણે સંવત્ ૧૭૦૦ પછીના ઘણા લેખો છે, પણ ઉપર જણાવ્યું તેમ પ્રાચીનતા બતાવવાના કામમાં ત જરૂરના નથી એમ જાણીને તે લીધા નથી.

ભરૂચ—અનંતનાથના દેહરામાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

"સં. ૧૪૮૯ વર્ષે લાડુઆ શ્રીમાળી જ્ઞા. શ્રે. ખીમસી ભા રાણી સુ. શ્રે. આમા, સુદા, હાજા, કાલા, ભગિની શ્રી [illegible] નાંમ્ન્યા નિ[illegible] શ્રેયસે મુલનાયક શ્રી શાંતિનાથ યુત [illegible] પટ્ટ: [illegible] શ્રી સુરિભિઃ"

[illegible] ૧૪[illegible] વર્ષે [illegible] શ્રીમાળ જ્ઞાતીય શ્રે. દેપા ભા. [illegible] સુત [illegible] શ્રે. નઈજા ભા. [illegible] સુત ડુંગર ભાર્યયા શ્રા લાલૂ નામ્ન્યા નિજ બાધવ શ્રે. માંડણ શ્રેયસ મૂલનાયક શ્રા શાંતિનાથયુત ચતુર્વિંશતિ જિનપટ્ટઃ કા. પ્ર. શ્રી સૂરિભિ: શ્રીઃ

ભરૂચ શ્રી પાર્શ્વનાથના દેહરામાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

"સં. ૧૪૯૫ આમલેશ્વર વાસિ લાડુઆ શ્રીમાલી જ્ઞાતીય શ્રે. રાઉલેન ભાર્યા લાછૂ સુત શાણા ભાર્યા ભડકૂ પુત્ર પોપટ પ્રમુખ કુટુંબયુતેન ભગિની તાજી શ્રેયસે શ્રી

શાંતિનાથ બિંબં કારિતં પ્રતિષ્ટિતં. તપાગચ્છ નાયક શ્રી સોમસુંદર સૂરિભિઃ ”

* દીહેજના દેહરામાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

“ સં. ૧૪-૯૫ લાડુઆ શ્રીમાળી જ્ઞાતીય શ્રે. માંડણુ ભાર્યા મહ્હુ સુત રાણા, સરવણ, ભગિની ફકુ નામ્ન્યા નિજ શ્રેયોર્થં શ્રી શાંતિનાથ બિંબં કારિંતં પ્રતિષ્ટિતં તપા શ્રી સોમસુંદર સૂરિભિઃ ”

ભરૂચ વેજલપુરમાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

“ સં. ૧૪૮૯ આ. સુ. ૮ આમ્લેશ્વર વાસી શ્રીમાલ જ્ઞા. શ્રે. પીમસી ભા. રાણી સુતા લાહૂ નામ્ન્યા શ્રી શાંતિનાથ બિંબ કા. પ્રતિ. તપા શ્રી સોમસુંદર સુરિભિઃ ”

આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરિએ પ્રસિદ્ધ કરેલા “જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૧ લા” માંના બે લેખ.

ડભોઈના શ્રી સામલા પાર્શ્વનાથના મંદિરમાંની ધાતુની પ્રતિમા ઉપરનો લેખ—

॥ સં. ૧૫૫૬ વર્ષે વૈશાખ સુદિ ૩ દિને શ્રી આમલેશ્વર વાસી લાડુઆ શ્રીમાળી જ્ઞાતીય શ્રેયાર્થે નાકર ભા. જીવી સુત શ્રે. રાંકાકેન ભા. કકુયુતેન સ્વશ્રેયોર્થં શ્રી સુમતિનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં તપાગચ્છે શ્રી હેમવિમલ સુરિભિઃ ॥

---

* દીહેજ અથવા દેહજ એ ગામ ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં નર્મદા નદી અને સમુદ્રના સંગમ ઉપર આવેલું મોટું ગામ છે. ત્યાં એક મોટું દેહરાસર છે.

અમદાવાદમાં સુતારની ખડકીમાં શ્રી અજીતનાથજીના દેરામાંની પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

"સં. ૧૫૪૬ વર્ષે આમલેશ્વર ગ્રામે લાડૂઆ શ્રીમાળી જ્ઞા શ્રે. કર્મસી ભા. તેજૂ સુ. શ્રે. ગદાકેન ભા. વીકૂ સુ. લખા. પોપટ, હીરા, પ્રમુખ પરિવાર શ્રેયોર્થં શ્રી વાસુપુજ્ય બિંબં કા. પ્ર. શ્રી હેમવિમલ સુરિભિઃ"

ભરૂચ શ્રી મુનિસુવ્રત સ્વામીના દેહરામાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ.

"સં. ૧૫૫૫ વર્ષે વૈ. શુ. ૩ આમલેશ્વર* વાસી લાડુઆ શ્રીમાળી જ્ઞા. શ્રે. ગજા, ભા. બકુ સુત શ્રે. ચાપા કેન ભા. અકુ સુ. અચિંત રાજાદિ કુટંબ યુતેન સ્વશ્રેયસે શ્રીનમિનાથ બિંબં કા. પ્ર. તપાગચ્છ નાયક શ્રી હેમવિમલ સુરિભિઃ"

ભરૂચ શ્રી અજીતનાથના મંદિરમાંની પીતળની પ્રતિમા ઉપરનો લેખ.

"સંવત્ ૧૫૫૬ વર્ષે વૈશાખ સુદિ ૪ દિને આમ્રપદ્ર વાસ્તવ્ય લાડૂઆ શ્રીમાળા જ્ઞાતીય શ્ર. લાવજી ભા. રામતિ સુત સુરા ભાર્યા કસ્તુરી કુટંબ યુતન શ્રી કુંથનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠતં શ્રી હેમવિમલસુરિભિઃ"

સુરત દેશાઈ પોળમાં સુવિધિનાથના દેહરામાં પીતળપ્રતિમા ઉપરનો લેખ—

---

* આમલેશ્વર એ ભરૂચ જીલ્લાનું ગામ છે, પહેલા ત્યાં લડુઆ શ્રીમાળીઓના ઘણાં ઘર હતં, અત્યારે એ પણ નથી.

" સંવત્ ૧૫૫૬ વર્ષે વૈશાખ શુદિ તૃતીયા દિને આમ-લેશ્વર વાસ્તવ્ય લાડૂઆ શ્રીમાલી જ્ઞાતીય સાહ સાલિગ ભા. ફાઉ સુત સુશ્રાવક સા. હરપતિકેન ભા. રામતિ દ્વિ. ભા. શ્રા. પાતૂ સુ. વસ્તુપાલ પ્રમુખપરિવાર પરિવૃ-તેન સ્વશ્રેયોર્થં શ્રી સુમતિનાથ ચતુર્વિંશતિ પટ્ટ બિંબં કારિત પ્રતિષ્ઠિત શ્રી તપાગચ્છ નાયક ॥ શ્રી સુમતિસાધુસૂરિ પટ્ટાલંકાર પરમગુરૂ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી હેમવિમલસૂરિભિઃ ॥ શ્રી ॥

કતારગામના મોટા દેહરામાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

" સંવત ૧૫૫૬ વ. વૈ. શુ. ૩ લાડુઆ શ્રીમાલી શ્રે. સાલીગ ભા. ફાઉ સ્વ. શ્રે. હરપતિ કેન ભા. રામતિ દ્વિ. ભા. પાતૂ સુ. વસ્તા હાંસાદિ યુતેન સ્વશ્રેયસે શ્રી શાંતિનાથ બિંબં કારિત પ્રતિષ્ઠિત તપાગચ્છનાયક શ્રી હેમવિમલ સૂરિભિઃ શ્રી આમલેશ્વર ॥ શ્રી.

ભરૂચ શ્રી મુનિસુવ્રતસ્વામીના દહેરામાંની પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

" સંવત્ ૧૫૫૬ વર્ષે વૈશાખ સુ. ૩ સાઈષા વાસિ લાડૂઆ શ્રીમાળી જ્ઞાતિય શ્રે. ગદા ભા. શ્રે. હાસા સુત શ્રે. સહિદે ભા. ગુરી ભ્રાતૃ શ્રે ભાણા ભા. કુતિગદે સુ. નાથા કર્મસી ધર્મસી પ્રમુખ સ્વકુટુંબ યુતેન શ્રી સુવિધિ નાથ બિંબં કા. પ્ર. શ્રી હેમવિમલસૂરિભિઃ શ્રી.

સમનીના દેહરામાંની પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

" સંવત ૧૫૫૬ વર્ષે વૈશાખ સુદી ૩ સામલા વાસ્તવ્ય

લાડૂઆ શ્રીમાળી જ્ઞાતિય શ્રે. ઝીંધર ભાર્યા કુકુ પુત્ર શ્રે. વિજયપાલકેન ભા. માણિકિ સ્વ ભ્રાતૃ શ્રે. સહિજા શ્રે. સાઉઆ શ્રે. વાજા, શ્રે. હાજા, શ્રે. મહિરાજ, હરદાસ, વીરા, લટકણુ યુતેન શ્રે. વીજપાલ પુત્ર શ્રે. સુરદાસ ભા. સંપુરી, હરદાસ ભા. હાંકૂ, શ્રીપાલ ભા. સોનાઇ ભાણા પ્રમુખ સકલ પરિવાર પરિવૃતેન સ્વ શ્રેયાર્થે શ્રી સંભવનાથ ચતુર્વિંશતિ પટ્ટ: કા પ્ર. શ્રી હેમવિમલસૂરિભિ: ”

ભરૂચ શ્રી મુનિસુવ્રત સ્વામીના દેહરામાંની પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

સંવત ૧૫૮૪ વર્ષે ચૈત્ર વદિ ૯ સોમે આમલેશ્વર વાસ્તવ્ય લા૦ શ્રીમા૦ જ્ઞા. શ્રી જિનધર્મ નૈષ્ટિક શ્રે. સદા ભા. નાથી પુત્ર શ્રે. જિણદાસ ભા. પૂતલિ નામ્ન્યા ભ્રા. શ્રે. ડુંગર શ્રેષ્ટિ વર્ધમાન શ્રે. હામાદિ યુતેન પુત્ર ભૂપા મંગા સહિતન સ્વશ્રેયોર્થં શ્રી મુનિસુવ્રત ચતુ૦ કા પ્ર. તપાગચ્છે આ શ્રી શ્રી સૌભાગ્યહર્ષસૂરિભિ:

ઝઘડીયાના દેહરામાં પીતળની પ્રતિમા ઉપરનો લેખ—

“ સં. ૧૫૮૪ વર્ષે ચૈ. વ. ૯ સોમે આમલેશ્વર વા. લા. શ્રીમા. જ્ઞા. જિનધર્મ નૈષ્ટિક। **નગરશ્રે.** સદા ભા. નાથી પુત્ર **સંઘમુખ્ય શ્રે.** વદ્ધમાન, ભા. લખી નામ્ન્યા ભા. શ્રે. ડુગર શ્રે. જના, શ્રે. હામાદિ યુતેન પુત્ર પૌત્ર પુત્ર્યાદિ કુટંબ સહિતેન સ્વ. શ્રેયોર્થં શ્રી શ્રેયાંસ ચતુ. કા. પ્ર. તપાગચ્છે શ્રી હિમવિમલસૂરિ તત્પટ્ટે શ્રી સૌભાગ્યહર્ષ-સૂરિવરે: ॥

* કેરવાડની ખંડિત થયેલી પાષાણની પ્રતિમાઓ ઉપરના લેખઃ—

૧ "સંવત ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ પાતિસાહિ શ્રી સલેમ રાજ્યે કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાલી જ્ઞાતીય. ।સા. મેઘ ભાર્યા ઇંદ્રાણી સુત સા. સહસકિરણ નામ્ન્યા સ્વજનક કારિત પ્રતિષ્ઠાય શ્રી કુંથુનાથ બિંબં કારિંત પ્રતિષ્ઠિતં ॥ શ્રી તપાગચ્છે શ્રા હીરવિજયસૂરિ શ્રી વિજયસેન સૂરિ ભ. શ્રાં વિજયદેવસૂરિ ભ. શ્રી ।વજયતિલકસૂરિ ભ. શ્રાં વિજયાણંદસૂરિભિઃ"

૨ "સંવત ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રામાલી જ્ઞાતીય સે. વીમા ભા. સિંઘાઈ સુ. સે. મેઘનાથ નામ્ના શ્રાં શાંતિનાથ બિંબં સ્વ શ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી તપાગચ્છે ભ. શ્રી વિજયસેનસૂરિ પ ભ શ્રાં વિજયદેવસૂરિ, ભ. શ્રાં વિજયતિલકસૂરિ પટ્ટે ભ. શ્રી વિજયાણંદસૂરિભિઃ"

૩ "સં. ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાલી જ્ઞાતીય સં. મેઘા ભા. બા. ઇંદ્રાણી પુત્ર ઠાકર ભા. સહજદે, પુત્ર અજીતદાસ નામ્ના શ્રી વાસુપુજ્ય બિંબં પ્રતિષ્ઠિતં ચ તપા ગ. ભ. શ્રી હીર-

---

* આ પ્રાતમાઓ હાલ ભરૂચમાં વેજલપુરમાં આચ્ચી રાખી છે. આ આઠ ઉપરાંત બીજી પણ ખંડિત પ્રતિમાઓ છે આટલી બધી પ્રતિમાઓ અકસ્માત ખંડિત થાય એ બનવાજોગ નથી. ઔરગઝેબના અમલમાં તે ખંડિત કરાઇ હોય એ બનવાજોગ છે.

વિજયસૂરિ પટ્ટે ભ. શ્રી વિજયસેનસૂરિ પ. ભ. શ્રી વિજય દેવસૂરિ તથા ભટ્ટારક શ્રી વિજયતિલકસૂરિ તત્પટ્ટાલંકાર ભ. શ્રી વિજયાણંદસુરિભિઃ ”

૪ “ સં. ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાળી જ્ઞાતીય શ્રે. સીંહા, ભા. મૃઘાઈ પુ. શ્રે. અમીપાલ ના...સુપૂજ્ય બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ. શ્રી. તપાગચ્છે. ભ. શ્રી. હીરવિજય ૂરિ તત્પટે ભ. શ્રી વિજયસેનસૂરિ પ. ભ. શ્રી વિજ......ય તિલકસૂરિ તત્પટ્ટાલંકાર ભ. શ્રી. વિજયાણંદસૂરિભિઃ ”

૫ “ સં. ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાલી જ્ઞાતિય શ્રે સીંહા ભા. મૃઘાઈ પુ. શ્રે. અમીપાલ ભા. રૂમાઇ નામ્ના શ્રી શાંતિનાથ બિંબં સ્વશ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી તપાગચ્છે ભ. શ્રી હીર વિજય સૂરિ પ. ભ. શ્રી વિજયસેનસૂરિ પ. ભ. શ્રી વિજય દેવસૂરિ તથા શ્રી વિજયતિલકસૂરિ, તત્પ. ભ. શ્રી વિજયાણંદસૂરિભિઃ ”

૬ “ સં. ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાલી જ્ઞાતીય સં. ખીમા ભા. સિંઘાઈ સુ મેઘ ભા. ઇંદ્રાણી નામ્ન્યાં સ્વ. ભર્ત્રા કારિતં પ્રતિષ્ટાયાં શ્રી કુંથનાથ બિંબં સ્વશ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતં શ્રી તપાગચ્છે ભ. શ્રી હીરવિજયસૂરિ પ. ભ. શ્રી વિજયસેન સૂરિ, તત્પ. ભ. શ્રી વિજયદેવસૂરિ તથા શ્રી વિજય [illegible] તત્પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી વિજયાણંદસૂરિભિઃ ”

૭ "સં. ૧૬૮૩ વ. ફા. વ. ૪ શનૌ કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાળી જ્ઞાતીય શ્રે. ખીમા ભા. સિંધાઇ પુ. શ્રે. શ્રીવંત નામ્ના શ્રી અભિનંદન બિંબં સ્વશ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી તપાગચ્છે ભ. શ્રી હિરવિજયસૂરિ પટ્ટે ભ. શ્રી વિજયસેનસૂરિ પ. ભ. શ્રી વિજયદેવસૂરિ તથા ભ. વિજયતિલકસૂરિ પ. ભ. શ્રી વિજયાણંદસૂરિભિઃ"

૮ "સં. ૧૬૮૩ વર્ષે ફા. વ. ૪ શનૌ પાતસાહિ શ્રી સલેમરાજયે કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રી શ્રીમાળી જ્ઞાતીય સં. મેઘ ભા. ઇંદ્રાણી સુત સં. ઠાકર નામ્ના સ્વપિતૃકારિત પ્રતિષ્ઠાયાં શ્રી ધર્મનાથ બિંબં સ્વશ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી ત. ભ. શ્રી વિજયસેન સૂરિ પટ્ટાલંકાર ભ. શ્રી વિજયદેવસૂરિ તથા શ્રી વિજય તિલકસૂરિ પટ્ટાલંકાર ભ. શ્રી વિજયાણંદસૂરિભિઃ"

શ્રીગૌડ બ્રાહ્મણોમાં અત્યારે "લાડુઆ શ્રીગોડ" એ નામે ઓળખાતો કોઇ જથો નથી, પણ પહેલાં એ જથો હતો એવું મારી પાસેના શ્રીગોડજ્ઞાતિ સંબંધીના એક હસ્તલિખિત ઇતિહાસિક સંસ્કૃત પુસ્તકમાં લખ્યું છે. શ્રીગોડોના નવા અને જૂના એવા બે ભેદ બતાવીને જૂનાના પેટા ભેદ બતાવતાં લખે છે કે—

असाइला वीरपुराद्वाराशीणा स्तथैवच ।
खंभायता द्रिंद्रढीला वाणोडी लाडुआ तथा ॥ ५ ॥

सुणावा चैव गोलजा इट्टर वाडाच गोधरिया ।
जीर्णेष्वन्तर्गता ह्येते दैवयोगाश्च विस्तृताः ॥ ६ ॥

આમાં ખંભાયતા, વાલોડી, લાડુઆ વગેરે સંખ્યાબંધ ભેદો પડેલા બતાવ્યા છે, તે બધા સ્થાન પરત્વેના છે. આ બધા ભેદો વડે કંઈ બધાની જ્ઞાતિ જુદી જુદી થતી નથી, પણ તડ પક્ષ જથા જુદા થાય છે. લાડુઆ શ્રીમાળીઓમાં પણ તેમજ થયું છે. લાડુઆશ્રીમાળી એ કોઈ સ્વતંત્ર જ્ઞાતિ નથી. એ તો શ્રીમાળી વાણિયાનો એક જથો છે. એ જથો લાંબા કાળ સુધી સ્વતંત્ર રીતે ચાલતો રહ્યો તેથી તે જુદી જ્ઞાતિ જેવો લાગે છે, પણ પ્રાચીન કાળના વિદ્વાનો જ્યાં સુધી આ સ્થિતિ સમજતા હતા ત્યાં સુધી તેઓ ઘણી વાર તેને પેટા જથા તરીકેજ ઓળખતા હતા. મારી પાસે હસ્તલિખિત એક જૂનું પાનું છે તે સંવત્ ૧૭૦૦ ની આસપાસ લખાયેલું હોય એમ લાગે છે. એ પાનામાં વાણિયાની ચોરાસી જ્ઞાતિ અને તેનાં મૂળ સ્થાન, તથા બ્રાહ્મણની ચોરાસી જ્ઞાતિ અને તેનાં મૂળસ્થાન લખ્યા છે, તેમાં લાડુઆ શ્રીમાળીને જૂદી જ્ઞાતિ નહિ ગણતાં દશાશ્રીમાળી, વીશાશ્રીમાળી, અને લાડુઆ શ્રીમાળી ત્રણેને એક શ્રીમાળી જ્ઞાતિ તરીકેજ ઓળખાવ્યા છે. વાણિયાની ૮૪ જ્ઞાતિ અને તેનાં મહાસ્થાન લખ્યા પછી બાજુ પર આ પ્રમાણે નોંધ કરી છે:—

“ इति वणिग द्विजयोर्मूल ८४ ज्ञातयोः बोध्याः अवांतर ज्ञातयो गोत्ररूपाः अत्रैवांतर्भवंतीति यथा श्रीमाल ज्ञाति मध्ये दशक

श्रीमालि, वीसा श्रीमाल २० श्रीमालि, लाडूआ श्रीमालि अंतर्भूता-ज्ञेयाः ॥ श्रीमालनुं श्री श्रीमाल गोत्र, प्राग्वाडनुं पोरवाड गोत्र, वडीसखा १, लहुडीसखा २, चउसखा ३, द्विसखा ४, राजसखा ५, ए राजोर ज्ञातिमांहीं सामान्य गोत्र अंतर्भवें छें. गोभू, अडालजा, मांडलीया, ए ६ गोत्र मोढ मांहि अंतर्भूत जांणवा. क्वचिन्नामांतरेणाप्य भेदो वाच्यः यथा प्रागवाड पोरुआडा, उकेश ओसवाल ओसवंस इत्यादि ॥


અર્થ—આ પ્રમાણે વાણિયા અને બ્રાહ્મણની મૂળ ૮૪ જ્ઞાતિ જાણવી. પેટા જ્ઞાતિઓ ગોત્ર ૩૫ છે તે આના પેટાના છે. જેમ શ્રીમાળી જ્ઞાતિમાં દશા શ્રીમાળી, વીશા શ્રીમાળી, અને લાડૂઆ શ્રીમાળી પેટા જ્ઞાતિઓ છે એમ જાણવું. શ્રીમાળીનું શ્રી શ્રીમાળી ગોત્ર, પ્રાગ્વાટનું પોરવાડ ગોત્ર, વડી શાખા,, લઘુ શાખા, ચો શાખા, બે શાખા, રાજ શાખા, એ રાજોર જ્ઞાતિના પેટામાં છે. ગાભૂ, અડાળજા માંડલીયા એ (વગેરે) છ ગોત્ર મોઢ જ્ઞાતિના પેટામાં છે એમ જાણવું કંઇ કંઇ નામમાં ફેરફાર બોલાય છે, જેમ પ્રાગવાટને પોરૂઆડ, ઉકેશને ઓસવાલકે ઓસવંશ વગેરે.

મહમ્મદ પાદસાહ.

(અમદાવાદના સુલતાન મહંમદશાહનું વર્ણન કરતાં કોઈ જૈન–વિદ્વાન વાણિયાની ૮૪ જ્ઞાતિનાં નામ બતાવે છે. તે લેખ સં. ૧૫૦૦ પહેલાંનો છે તેથી જાણવા જેવો છે. આખો લેખ રસિક હોવાથી અહીં ઉતારી લીધો છે.)

ગજૈસ્તુરંગૈ શ્ચપદાતિવૃંદૈ: ષટત્રિંશતા રાજકુલૈશ્ચ સેવ્ય:
પિતા પ્રજાનાં વિજયી વિભાતિ, ભૂપ: સુરત્રાણ મહમ્મદાખ્ય:॥૧॥
અ. આ સમુદ્રાંત પૃથ્વી તણું સ્વામી, મર્યાદા મયરહર,
શરણાગત વજ્ર પંજર,
પરનારી સહોદર, રંઢ રાવણ, સત્ય પ્રતિજ્ઞા હરિશ્ચંદ્ર,

ન્યાયી શ્રીરામ, દાનિ વિક્રમાદિત્ય, કલિકાલ કર્ણ, ધનુર્વેદિ દ્રોણાચાર્ય, પ્રકટ પ્રતાપ શ્રી મહમ્મદ પાતસાહ, ભદ્રજાતી, મૃગજાતી, મિશ્રજાતી, મદકલ ગજેંદ્રઘટા. અનઇ જાત્ય ઘોડા, હરીડા, નીલડા, કાલૂઆ; કીસોડા, રાતડા, સેડ્રારા, ખુરાસાણી, સીંધવા, પારિસા, કંબોજા, કાનુજા, કાછેલા, તજી તુખાર એવમાદિ તુરંગમ. અનઈ ખાન ખોજા માર, મલિક, મલાં, મલાલિમ, ખતીબ, સદ, કાદી, હાબસી, બલોચી, બંગાલી, દક્ષિણી, તિલંગા, કાન્હડા, અનઇ પ્રધાન પોતદાર, પરિવરિઉ. અનઇ સૂર્યવંશ, સોમવંશ, યાવદ, કદંબ, ઇક્ષ્વાકુ, ચહુઆંણ, સોલંકી, મોરિઅ, સેલાર, છિંદક, ચાઉડા, પડિહાર, લુબ્ધક, રાઠઉડ, શાક કરકઠ, ગુહિલ,



સં. ૧૫૬૮ માં રચાયેલા "વિમલ પ્રબંધ"માં વર્ણવેલી ૮૪ વણિકોની જ્ઞાતિનાં નામ.

ધાન્યપાલ, રાજપાલ, કાલુંભક, દિલ્લ, ડાભી, વાગડી, ધર્કટ, વંશ રાજકુલી, અનઈ અનેરાઈ વાઘેલા, ઝાલા, દેવડા, બોડા, જાડેજા, ચુડાસમા, સોઢારા, રાઠી, કાઠી જેહ સદા નીપજાવઈં સેન, અનઇ જે શ્રી મહમ્મદ પાતસાહ તણી છત્ર છાયાઈં, વિવેક નારાયણ ગુજરદેશાભરણિ અણહિલવાડઈ પાટણિ અહમ્મદાવાદિ નગરિ. અનઇ ખંભાઇતી શ્રી ધર્મ તણઈ આગારિ, અનેરઈ ગામિ નગરિ ઠામિ ઠામિ એ ચઊરાસી જ્ઞાતિ મહાજન તણી સાંભલિ—

પ્રતિપન્નપાલી શ્રી શ્રીમાલી, પ્રકટ પ્રતાપ પોરુઆડ, અરડકમલ્લ ઓસવાલ, ભલા દીસઇં ડીસાવાલ, ડીંડુ હરસુરા, વઘેરવાલ, ભાભુઅંડા, અડ મેડત્તવાલ, દાહિણ, સૂરાણા, ખંડેરવાલ, કથરૂટિઆ, કોરંટાવાલ, જોધસોન, જાઈલ્લવાલ, નાગર, નાણાવાલ. ખડાયતા, પલ્લીવાલ, જાલહરા, વાયડા, ચિત્રવાલ, છાંયા, કપોલ, પુષ્કરવાલ, જંબૂસરા, નાગદ્રહા, સુહડવાલ, સુઢેરા, કરહિઆ, ઉગ્રવાલ, આંભાણુ, અચિત્રવાલ, શ્રીગુડ, ગુર્જર, શ્રીમાલ પ્રાગ્વ, અડાલિજા, માંડલિઆ, ગાંભૂઆમોઢ, લાડુઆ શ્રીમાલી, લાડ, જાગડ, સોરઠિઆ પોરૂઆડ, નયસરુ રતકી, નરસિંઘઉરા, હાલર, પંચમ, કાથઉરા, વાહમાક, કંબોતિસુરા, તેલુઉંટા, અષ્ટવર્ગી, વઘાણુરા, સિરિખંડેરા, મેવાડા, ભોડઆડા, કાટજિણડા, જેહરાણા, સોહારઆ, ધાકડા, સુહવરયા, ભડિઆ, ભુંગડીઆ, હુંબડ, નીમા, મડાહડા,

બ્રહ્માણા, વાગડુ, ચીત્રઊડા, વીંઘુ, માથર, નાઊરા, પદમાવતી, કાકલી, આણંદુરા, મંડેર, સાચુરા, ગોલ્લાવાલ, રાજઊરા, લાડીસખા, આઊ સખા, ચઊ સખા, એવ આદિ સાઢીબાર જ્ઞાતિ શાખા પ્રશાખા. અનઈ વલી જેહ શ્રી મહમ્મદ પાતશાહ તણી સૌમ્ય દ્રષ્ટિ છઈ દર્શન, આપણા આપણા ધર્મશાસ્ત્ર વાંચઇ, શ્રી દેવગુરૂ તત્વિરાચઈ, વિદ્યાબલિ માચઇ, કિસિઆં કહીઇ તે છઈ દર્શન, સાંભલિ, જિમ સરોવર માહિ માનસ સર, જિમ દાતાર માહિ જલધર, જિમ સમુદ્રમાહિ સ્વયંભૂ રમણ, જિય ધન માહિ વૈશ્રમણ જિમ તેજવંત માહિ સૂર, જિમ વાજિત્ર માહિ તૂર, તિમ સર્વ દર્શન માહિ-ધર્મ વિદ્યા મહિમા કરી પ્રધાન શ્રી જૈનદર્શનિ જાણિવું. જિહાં નિરતીચાર ચારિત્રપાત્ર, મહામલિનગાત્ર, તપોધન તપોધના, શ્રી વયર સ્વામિ તણી શાખાઈ છઈ જીવનિકાય રાખઈ, દયામૂલ ધર્મ ભાખઇ, સર્વ આરંભ પાખઇ, મોક્ષમાર્ગ દાખઈ, જિહા શ્રાવક શ્રાવિકા શ્રી વીતરાગ દેવ પૂજઇ, તિહાં હવડા ગંગાજલ નિર્મલ, જ્ઞાન ક્રિયા નિધાન સર્વ ગચ્છ પ્રધાન, અતુચ્છ શ્રી તપાગચ્છ વિસાષેઇ દીપઇ અનરાઇ ચઉદાસઆ, પુનમિઆ, વડગચ્છા, ખરતર, મલધાર, આંચલિઆ, આગમિઆ, આગુરિઆ, પીપલિઆ, મડાહડા, દેહરાતી, બ્રાહ્મણા, વિદ્યાધર, થિરાદ્રા, નાયલા, નાણાવાલ, ચિત્રાવાલ, કારંટાવાલ, ઉસવાલ, એવમાદિક ઘણા ગચ્છ મિથ્યાત્વક થાપઇ, શ્રી જીનધર્મ ઉથાપઇ, તથા બીજઇ દર્શનિ, નૈઆયક, કપાલી, ઘંટાલા, પાહૂ, કેદારપુત્ર, આયરીઅ, મડવી, પતીઆણા એવમાદિ. ત્રીજઇ

દર્શનિ સાંખ્ય, ભરડા, ભગવંત ત્રિદંડીઆ, મૂની, કવીકૂડા, એવમાદિ ભેદ. **ચઉથઇ દર્શનિ**, બૌદ્ધ, સાતઘડીઆ, દગડા, ડાંગુરા, ભાંડ, પાવયા, ગરોડા, વાસબેડીઆ, એવમાદિ ભેદ. **પાંચમઈ દર્શનિ**, વૈશેષક, બ્રાહ્મણ, આવરિતઆ, અગ્નહોત્રિઆ, દીક્ષિત, જાના, દુવે, ત્રિવાડી, વ્યાસ, જોસી, પંડ્યા, બડુઆ, એવમાદિ ભેદ. **છઠઇ દર્શનિ**, નાસ્તિક, યોગી, હુરમેખલિઆ, ઇંદ્રજાલિઆ, નાગમતિઆ, તોતલમતિઆ, ધનંતરીઆ, તારસીઆ, ધાતુર્વાદિઆ, એવમાદિ ભેદ પ્રભેદ બહુલ છઇ દર્શનકહિઇ. અનઇવલી, **શ્રી મહમ્મદ પાદસાહ**, તણઇ રાજી **ચ્યારિવર્ણ**, **નવ નારૂ, પાચ કારૂ**, એ **અઢાર પ્રકૃતિ** સદા સુખિત, મદમુદિત વસંઇ, તિસિઉ રાજાધિરાજ, સર્વ વયરી જીપતુ, સૂર્યના પરિ દીપતુ, તુરુષ્ક કુલમંડન, સોમતણી પરી સૌમ્યદર્શન, પ્રજાપીહર, સેવકસદાફલ, સુરત્રાણ **શ્રી મહમ્મદ પાતસાહ** તણુ પુત્ર સુરત્રાણાધિશ શ્રી મહમ્મદ પાતસાહ વર્ણવીતુ શોભઇ ॥ છ ॥

સં. ૧૪૬૨ માં અંચલગચ્છના આચાર્ય શ્રી માણિક્ય સૂરિએ "પૃથ્વીધર ચરિત્ર" નામનો જૂના ગુજરાતી ભાષાનો ગદ્યગ્રંથ રચ્યો છે. આ ગ્રંથ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં એક નમુના રૂપે છે. એ ગ્રંથમાં વાણિયાઓની ચોરાશી જ્ઞાતિ વર્ણવતાં તેમાં "લાડુઆ" ને બદલે "લાટિઆ" લખ્યું છે. નિરંકુશાઃ કવયઃ (કવિઓ નિરંકુશ છે.) કવિને એમ લાગ્યું કે લાડુઆ એ શબ્દપ્રયોગ શુદ્ધ નથી, સ્થાનના નામ દર્શક "ઈઆ" પ્રત્યય લગાડવો જોઈએ. એમ


માનીને તેમણે લાડુઆ શબ્દને બદલે "લાટિઆ" લખ્યું હોવું જોઇએ. નામોની બાબતમાં ચાલતો પ્રયોગ હોય તેજ પ્રમાણ માનવો જોઈએ એ વાત ગ્રંથકારે ધ્યાનમાં લીધી નથી.

શ્રીમદ્દેવેન્દ્રસૂરિકૃત "વૃન્દારૂવૃત્તિ" અપર નામ "શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ" પ્રસિદ્ધ કરતાં સૂરિ મહારાજ શ્રી આણંદસાગરસૂરિજી પ્રસ્તાવનામાં લખે છે કે—

"मुद्रणाधारभूता प्रतिरस्य श्रेष्ठि श्री मनःसुखभाई विहित ज्ञानोद्धार पुस्तकप्रबन्धादायाता । शोधने च क्वचित्क्वचित् द्वासप्तत्यधिक चतुर्दश शतमान विक्रम वर्षीय श्री भृगुकच्छ वास्तव्य *मोदक ज्ञातीय गोदा डुंगर लिखापिताराधार भूता । (છપાવવામા આધારભુત પ્રતિ શેઠ મનઃસુખભાઇએ સ્થાપેલ પુસ્તક જ્ઞાનોદ્ધાર તરફથી મળી. કોઈ કોઇ ઠેકાણે મેળવણીને માટે વિક્રમ સંવત્ ૧૪૭૨ ના વર્ષમા ભરૂચવાસી લાડુઆ શ્રીમાળી જ્ઞાતિના ગોદા ડુંગરે લખાવેલી પ્રતિનો આધાર લીધો છે.

---

* લાડવા (ખાવાના લાડુ) એ શબ્દનો સંસ્કૃત પર્યાય મોદક છે, તથી સૂરિ મહારાજે મૂળ પ્રતિમાના લાડવા શબ્દનો સંસ્કૃત પર્યાય મોદક લખ્યો હોવો જોઇએ. મેં તમને એ બાબત પૂછી જોતાં તેમણે મને લખી જણાવ્યું હતું કે મૂળ પ્રતિમા ઘણુંખરૂં "લાડુઆ" શબ્દ હોવો જોઇએ, પણ તે પ્રતિ હાલ મારી પાસે નથી, તેથી નિશ્ચય પૂર્વક કહી શકતો નથી.



સં. ૧૫૭૮ માં રચાયેલા "વિમલ ચરિત્રમાં" વર્ણવેલી વાણીઆ જ્ઞાતિઓની ઉત્પત્તિ.

વિદ્વાન અને બહુમાન્ય મુનિ મહારાજોના અભિપ્રાય.

ગોડીજીનો ઉપાશ્રય પાયધુની મુંબઈ.

સુ. ૧૨-૯--૨૪૪૫

સુશ્રાવક, દેવગુરૂ ભક્તિકારક લાડવા શ્રીમાળીની જ્ઞાતિના આગેવાનો યોગ્ય— સુરત.

ધર્મલાભ તમારો પત્ર મળ્યો હતો. કાર્યવશાત્ જવાબ આપતાં ઢીલ થઇ છે.

અમારી શોધ અને માન્યતા પ્રમાણે લાટદેશમાં જવાથીજ (લાડુઆ) કહેવાય છે. એક ઘણા જૂના ગ્રંથમાં (હસ્ત લિખિત પાનામાં) એમ લખવામાં આવ્યું છે કે तत्र श्री श्रीमाला लक्ष्मीदेवीप्रतिबद्धगोत्राः द्वितायाः श्रीमालाः पृथक्देवीबद्ध गोत्राः तृतीया लाटदेशे गता लाडुआः श्रीमाला इति प्रतीताः।

આ ઉપરથી સિદ્ધ થાય છે કે લાટદેશમાં ગયેલા શ્રીમાલો લાડુઆ શ્રીમાળી કહેવાયા. આ સીવાય લાડુઆ શ્રીમાલીઓની ભરાવેલી-પ્રતિષ્ઠાઓ કરાવેલી ઘણી મૂર્તિઓ પ્રાપ્ત થાય છે, કે જેના ઉપર કોતરેલા લેખો મૌજુદ છે. આવા શિલાલેખો અને તપાસ કરતાં બીજાં પણ અનેક પ્રમાણો જોઇશે, તો અવસરે તે મોકલવામાં અમને વાંધો નથી.

ખરૂં છે કે પ્રાચીન ઈતિહાસના અનભિજ્ઞ મનુષ્યો પોતાનો કકકો ખરો કરવાને માટે આવી ન્માવી શુદ્ધ જાતિયોના એક અંગને પૃથક્ કરી દઈ જૈન જાતિરૂપી આખા અંગને ખંડિત કરી દેવા પ્રયત્ન કરે છે.

ધર્મધ્યાનમાં ઉદ્યમ રાખશો યા દેવદર્શનમાં યાદ કરશો. સમસ્ત મુનિમંડળ તરફથી ધર્મલાભ.

સહીઓ કરનાર અને બીજા જે યાદ કરે, તે હરેકને ધર્મલાભ જણાવશો.

આચાર્ય શ્રીવિજય ધર્મસૂરિ મહારાજ
શ્રીની આજ્ઞાથી વિદ્યાવિજય.

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિનો અભિપ્રાય.

" લાડુઆ શ્રીમાળી જાત અસલથી જૈનધર્મ પાળતી આવેલી છે. * * * લાડુઆ શ્રીમાળી વણિકોએ તેરમા ચૌદમા સૈકાથી જૈન ગ્રંથો, મંદિરો, પ્રતિમાઓ ભરાવી છે એમ સિદ્ધ થાય છે. લાડવાણિયા અને લાડુવા વાણિયા એ બે જાત ભિન્ન છે. સુરત, રાનેર વગેરે ગામોમાં લાડુઆ શ્રીમાળી વણિકોની વસ્તી છે. તેઓ જૈનધર્મ પાળે છે. લાડવણિકો પણ જૈનો છે. પિન્યાસ મુનિશ્રી મેઘવિજયજી પૂર્વે તે જ્ઞાતિના હતા. જેઓ વિદ્વાન છે. * * * લાડવા શ્રીમાળી જ્ઞાતિએ જૈનધર્મની સેવામાં જૈનાચાર્યોની સારી રીતે ભક્તિ કરી છે. (જૈ. ધા. પ્ર. લેખસંગ્રહ ભા. ૧ પ્રસ્તાવના પૃ. ૨)

" લાડવા શ્રીમાળી ન્યાત વિષે આ (વિમલ પ્રબંધ) ઉપરથી ઘણું અજવાળું પાડવામાં આવ્યું છે."

(શ્રી વિજય સિદ્ધ સૂરિ)

" લાડવા શ્રીમાલીની જ્ઞાતિ બાબત મેં પ્રથમ પણ જુના પાનામાં જોયું હતું, વળી આ ગ્રંથ જોવાથી ખાત્રી થાય છે કે આ લાડવા શ્રીમાલીની જ્ઞાતિ અસલના છે અને આ શ્રદ્ધાલુ શ્રાવકો પણ ઘણા જખાતન છે"

(શ્રી વિજયકમલ સૂરિ)

એક મહામંત્ર.

મારા જઈન મુરબ્બી! "સમકિતી" ભાઈઓ! 'સમ્યકત્વ' અથવા ચીજને સમ્યક ખરા રૂપમાં જોવાની તમારી 'શકિતને' પ્રકટ કરો અને તમારા હિત શત્રુઓએ પોતાના સ્વાર્થ ખાતર કે ખોટી હુંપદ ખાતર તમારા 'સમ્યકત્વ' ઉપર લગાડેલાં પડ અને જાળાં અને પડદાને એક બહાદુર વીરના બળથી તોડી નાંખો. સીમા વગરનું બળ ધરાવનારા મહાવીરના વંશજને છાજતું બુદ્ધિબળ અને ઈચ્છાશકિત (Will Power) રૂપી બળ પ્રકટાવો અને સમાજ તથા સંઘનું ગૌરવ ખીલવો. કલહ અને સ્વાર્થનાં સ્વપ્નની અંધારી કોટડીમાંથી બહાર કુદી "એકત્ર વીરશાસન"ના સૂર્ય પ્રકાશમાં આવો. અને જૈન ધર્મના પ્રભાવશાળી સ્વરાજ્યનું વાતાવરણ દેખાડવા મથતા તમારા પવિત્ર બંધુઆને પડખે ઉભા રહી સાચા ધર્મયુદ્ધના વીર સૈનિક બનો.

જ્ઞાતિભેદ.

અને

શ્રીમાળી વાણીઆ જ્ઞાતિનો વિસ્તાર.

કીંમત આઠ આના.

આ પુસ્તકમાં જ્ઞાતિભેદ કયારે ઉત્પન્ન થયા, કેવી રીતે ઉત્પન્ન થયા, એ ભેદનો વિસ્તાર કેવી રીતે થયો અને એ ભેદો હાલનું સ્વરૂપ કયારે પામ્યા એ સર્વ હકીકત સવિસ્તર વર્ણવી છે. તેમજ—

શ્રીમાળી વાણિયા જ્ઞાતિ અને તેમાંથી ઉત્પન્ન થયેલી બીજી સાઢાબાર જ્ઞાતિઓ—ઓસવાલ, પારૂઆડ, ડીડુ, દીશાવાળ, વગેરેની ઉત્પત્તિ અને તેનો વિસ્તાર વર્ણવ્યો છે એ પછી શ્રીમાળી તરીકે હાલ ઓળખાતા રહેલા શ્રીમાળીઓના ભેદ લાડુઆ શ્રીમાળી વીસા શ્રીમાળી અને દશા શ્રીમાળી એ ભેદ કયારે ઉત્પન્ન થયા, કયા કારણથી ઉત્પન્ન થયા અને તે કેમ સ્થિર થયા તે બતાવ્યું છે. એકંદરે જ્ઞાતિઓના ઇતિહાસના આ પુસ્તક અપુર્વ છે. અને એકલા શ્રીમાળી વાણિયાઓનેજ નહિ પણ સર્વ લોકોને તે જાણવા જેવું છે. કીંમત હાલ આઠ આના રાખી છે, પણ પાછળથી કદાચને વધારવી પડશે- માટે લેવા ઇચ્છનારે તાકીદે નામ નોંધાવી દેવાં.

મણિલાલ બકોરભાઇ વ્યાસ.

હરિપુરા—જૈન બંધુમંડળ,—સુરત.

જાહેર ચેલેંજ.

લાડુઆ શ્રીમાળી જ્ઞાતિએ સેંકડો વર્ષથી શ્રાવક વાણીઆ છે, એવું બતાવનારા ઇતિહાસિક લેખોનો આ સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે. છતાં જો કોઈ એમ પૂરવાર કરે કે લાડુઆ શ્રીમાળીઓ પહેલેથી શ્રીમાળી વાણીઆ નથી અથવા એ લોકો પહેલેથી જૈન નથી, એવું પૂરવાર કરે તો તેને અમારા તરફથી બે હજાર રૂપિયા આપવા અમે તૈયાર છીએ. ચેલેંજ સ્વીકારનારે પોતાના પુરાવા આજથી એક મહિનાની અંદર રજુ કરવા એટલે તેનો નિર્ણય કરવા તટસ્થ પ્રતિનિધિવાળી સભા મેળવવાની તજવીજ કરીશું. ચેલેંજ ઉપાડવામાં આવશે તેજ દિવસે બે હજાર રૂપિયા કોઇપણ બેંકમાં મુકવામાં આવશે.

માગશર સુદી ૧૫ સં. ૧૯૭૬

છબીલદાસ ગુલાબચંદ.

નાનચંદ કીકાભાઈ.

ચીમનલાલ ખુશાલચંદ મોદી.